Received on : 12-06-2026
Registered on : 12-06-2026
Decided on : 20-06-2026
Duration : Y M D
- - 08

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં.૪૭૬/૨૦૨૬.**

આંક–

**અરજદાર.** મંજુલાબેન ગોવિંદભાઈ પટેલ,
ઉ.વ.આ.૭૯, ધંધો–ઘરકામ,
રહે. મુળ ભાવનગર.
હાલ રહે.નંદનવન સોસાયટી બ્લોક નં.૧૦૧,
શ્રી નાથજી પાર્ક, જાવીયા સ્કુલ સામે, જુનાગઢ.

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન અરજી.

**ગુન્હો :–** બી.એન.એસ.ની કલમ ૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૫૪ તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) મુજબ.

**સંદર્ભ :–** જૂનાગઢ બી.ડીવી.પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૬૦૩૯૮/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી આર.ડી.ઠાકર
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી ડી.સી.ઠાકર

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ બી.ડીવી. પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૩૦૨૪૨૬૦૩૯૮/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૫૪ તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) મુજબના ગુનાના કામે આગોતરા જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૨ અન્વયે આ આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી ડી.સી.ઠાકરનાઓ હાજર થયેલ છે અને આંક-૦૭ થી તપાસ કરનાર અમલદાર શ્રી એ.બી.ચૌધરી, પોલીસ ઈન્સ, જૂનાગઢ બી.ડીવી. પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી આર.ડી.ઠાકરનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામેના અરજદાર સામે જૂનાગઢ બી.ડીવી. પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૩૦૨૪૨૬૦૩૯૮/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ ૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૫૪ તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) મુજબની ફરીયાદ નોંધવામાં આવેલ છે. હાલના કામના અરજદાર/આરોપીને સદરહુ ગુનાના કામે આરોપી તરીકે દર્શાવેલ છે. હાલના કામે અરજદાર/આરોપીનું આધારકાર્ડ રજુ રાખેલ છે. જેમાં તેઓની ઉંમર ધ્યાને લેતા ૭૯ વર્ષ ફલીત થાય છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીના મેડીકલ ટ્રીટમેન્ટના પેપર્સ રજુ રાખેલ છે. અરજદાર/આરોપી સ્પાઈનરલની તકલીફથી પીડાય છે અને તેઓની સર્જરી કરાવેલ

છે. તેમજ તેઓ લાંબા સમયથી બેડ રેસ્ટ રહેલ છે. વધુમાં તેઓ દૈનીક કાર્ય પણ જાતે કરી શકતા નથી. તેમજ હાલના કામના અરજદાર/આરોપીની એક આંખનું વિઝન લોસ થયેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીનો પુત્ર ભાવેશ પણ હાલના કામની ફરીયાદ મુજબ આરોપી નં.૧ ૭ તરીકે રહેલ છે. આ કામના અજદાર/આરોપી નવી ટેકનોલોજી કે કે.વાય.સી.થી માહીતગાર નથી જેથી અરજદાર/આરોપીનું એકાઉન્ટ તેમના પુત્રએ તેમના એકાઉન્ટનો દુરઉપયોગ કરેલ હોઈ શકે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે સાયબર ક્રાઈમનો ગુનો રહેલ છે. જેથી તપાસ દરમ્યાન હાલના કામના અરજદાર/આરોપીની પ્રત્યક્ષ હાજરી જણાય આવતી નથી. કારણ કે, તપાસ કરનાર અધિકારી બેન્કમાં જઈ એકાઉન્ટને લગતી માહીતી મેળવી શકે છે. વધુમાં તેઓએ તેમની રજુઆતના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે.

(1) Siddharam satlingappa mhetre Vs.State of Maharastra, (2) Nethara W/O Palarswamy Vs. State of Karnataka, (3) Kusumben W/O Ghanshyambhai Chavada and D/O Popatlal Chavda, (4) Gurbaksh Singh Sibbia Vs. State of Punjab.

(૪) જ્યારે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી ડી.સી.ઠાકરનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, આ કામે અરજદાર/આરોપી તરફે જે મેડીકલ બીલો રજુ કરવામાં આવેલ છે તે જાન્યુઆરી ફેબ્રુઆરી ૨૦૨૫ ના રજુ રાખેલ છે. હાલની સ્થિતી દર્શાવતા કોઈ મેડીકલ સર્ટીફીકેટ રજુ રાખેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે મુખ્ય આરોપી કેવીન રમેશભાઈ દેકીવાડીયા રહેલ હતા. તેઓની અટક દરમ્યાન હાલના કામના અરજદાર/આરોપીનું ક્રેડીટ કાર્ડ તેઓ પાસેથી મળી આવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના ગુનાના કામે કુલ

૩૯ લાખ રૂપિયાનો સાયબર ફ્રોડ થયેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીના ખાતામાં સાહેદ નં.૫૯,૬૦,૬૧ તથા ૬૨ નાઓના કુલ રૂા.૯૫૯૨૯/- જમા થયેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીને સીટી યુનીયન બેન્કના ખાતાનું સ્ટેટમેન્ટ રજુ રાખેલ છે. તેમજ આ ખાતું ધ્યાને લેતા સદરહુ ભોગબનનાર સાહેદોના પૈસા જમા થયેલ હોવાની નોંધ છે તેમજ ભોગબનનારના ખાતાનો પણ ઉતારો તપાસ દરમ્યાન લીધેલ છે. વધુમાં વિદેશી માણસોને સાયબર ફ્રોડનો શીકાર બનાવી લાભ લેવામાં આવે છે. આમ, અરજદાર/આરોપી સામેનો ગુનો તથા ગુનાની ગંભીરતા ધ્યાને લઈ અરજદાર/આરોપીની હાલની આગોતરા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી શ્રી એ.બી.ચૌધરી, પોલીસ ઈન્સ, જૂનાગઢ બી.ડીવી. પોલીસ સ્ટેશનનાઓનું આંક-૦૭ નું સોગંદનામું ધ્યાને લીધુ તથા રેકર્ડ ધ્યાને લીધું. હાલના કામે ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપી નં.૧ કેવીન રમેશભાઈ દેકીવાડીયાએ પોતાના બેંક એકાઉન્ટમાં તથા અલગ અલગ બેંક એકાઉન્ટ ધારકો આરોપી નં.૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૫, ૧૬,૧૭,૧૮ સાથે મળીને બેંક એકાઉન્ટ ધારકોને રૂપિયા આપી બેંક એકાઉન્ટની પાસબુક/ચેકબુક/ડેબીટ કાર્ડ/ક્રેડીટકાર્ડ તથા સીમકાર્ડ મેળવી અલગ અલગ ભોગબનનાર સાથે નાણાકીય ફ્રોડ કરી તમામ બેંક એકાઉન્ટોમાં સાયબર ફ્રોડ/ઠગાઈના રૂપિયા જમા થતા હોવાનું જાણવા છતાં પોતાનો બદઈરાદો પાર પાડવા ઠગાઈ કરવાના ઈરાદે આ બેંક એકાઉન્ટ ધારકોએ પ્રત્યક્ષ કે પરોક્ષ નાણાકીય લાભ મેળવવા એકબીજાને મદદગારી કરી સદર બેંક એકાઉન્ટો ખોટી રીતે ઈલેકટ્રોનીક માધ્યમથી કોઈપણ પ્રકારે અન્ય ઈસમોને મોકલી આપી ભારતના

અલગ અલગ રાજ્યમાં લોકોને સાયબર ફ્રોડનો ભોગ બનાવી તેમની પાસેથી છેતરપીંડી કરી સાયબર ફ્રોડના નાણા કુલ રૂ.૩૯,૫૩,૬૧૩.૦૮/- જેટલી સાયબર ફ્રોડ/ઠગાઈની રકમ બેંક એકાઉન્ટોમાં જમા કરી/કરાવડાવી સાયબર ફ્રોડ/ઠગાઈના રૂપિયા તેમના બેંક એકાઉન્ટોમાં મેળવી જે એકાઉન્ટ ધારક પોતે અથવા તેની સાથે સંડોવાયેલ ઈસમોએ બદદાનતથી મેળવી પોતાના આર્થીક ફાયદા સારૂ વિડ્રો/ટ્રાન્સફર કરી સગેવગે કરી ગુનો કર્યાનો આક્ષેપ રહેલો છે.

(૬) આ કામેનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, આ કામના અરજદાર/આરોપીનું ફરીયાદમાં આરોપી નં.૧૬ તરીકે નામ રહેલ છે. વધુમાં તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ હાલના કામના અરજદાર/આરોપીના સીટી યુનીયન બેંકના બેંક એકાઉન્ટ નં.૫૦૦૧૦૧૦૧૪૩૦૫૪૩૬ માં ભોગબનનાર સાકસી અવનીશકુમાર અગ્નિહોત્રી, રહે.ઉત્તરપ્રદેશના રૂ.૪૯૧ ૦૭.૬૪/-, ભોગબનનાર ધ્યાનેશ્વરી ખાંડેરાવનાઓ, રહે.મહારાષ્ટ્ર રકમ રૂ.૯ હજાર, ભોગબનનાર જયેશ સુનીલ તાયડે, રહે.મહારાષ્ટ્ર રકમ રૂ.૧૫,૨૨૨/- તથા ભોગબનનાર કરૂપ્પાસામી મુરગન, રહે.તમીલનાડુના એકાઉન્ટમાં રૂ.૨૨,૬૦૦/- જમા થયેલ છે. હાલના કામે અરજદાર/આરોપીની ઉંમર જોવામાં આવે તો, આશરે ૭૯ વર્ષ રહેલ છે. વધુમાં હાલના કામે અરજદાર/આરોપીના પુત્ર ભાવેશ ગોવિંદભાઈ પટેલ આરોપી નં.૧૭ તરીકે રહેલ છે. અત્રે એ હકીકત ઉલ્લેખનીય છે કે, હાલના કામના અરજદાર/આરોપીના સીટી બેન્ક એકાઉન્ટમાં સાયબર ફ્રોડની રકમ જમા થયેલ છે. વધુમાં તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ આરોપી કેવીન રમેશભાઈ દેકીવાડીયાના કબજામાંથી ડેબીડ કાર્ડ નં.૨૫૫૩૮૦૦૨૨૦૨૮૬૬૩૩ વાળું જે હાલના કામના અરજદાર/આરોપીના સીટી યુનીયન બેન્ક એકાઉન્ટ નં.૫૦૦૧૦૧૦૪૩૦૫૪૩૬ સાથે જોડાયેલ છે તે મળી

આવેલ છે. વધુમાં આ કામે રેકર્ડ ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. તેમજ હાલની અરજી સાથે રજુ રાખેલ સારવારના બીલ ધ્યાને લેતા આ કામના અરજદાર/આરોપીની મેડીકલ ટ્રીટમેન્ટ કરવામાં આવેલ હોવાનું ફલીત થાય છે. તેમજ અરજદાર/આરોપીના ફોટોગ્રાફસ પણ અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રીએ રજુ રાખેલ છે. જે ધ્યાને લેતા પણ અરજદાર/આરોપી ઉંમર લાયક હોવાનું અને તેઓએ મેડીકલ સારવાર લીધેલ હોવાનું ફલીત થાય છે. વધુમાં અરજદાર/આરોપી જુનાગઢના રહેવાસી અને ઉંમર લાયક છે જેથી તેઓ નાશીભાગી જાય તેવી શકયતા ઓછી રહેલ છે. વધુમાં નામદાર ઉચ્ચકોર્ટે આપેલ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ તથા અરજદાર/આરોપીની શારીરીક સ્થિતી તથા ઉંમર વિગેરે તમામ પાસા ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી મંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

- હાલના અરજદાર/આરોપી મંજુલાબેન ગોવિંદભાઈ પટેલ, રહે. મુળ ભાવનગર, હાલ.જુનાગઢ, ઠે.નંદનવન સોસાયટી બ્લોક નં.૧૦૧, શ્રી નાથજી પાર્ક, જાવીયા સ્કુલ સામે, જુનાગઢવાળાની જૂનાગઢ બી.ડીવી. પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧ ૨૦૩૦૨૪૨૬૦૩૯૮/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ ૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૫૪ તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૨ અન્વયે આગોતરા જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી ''મંજુર'' કરવામાં આવે છે.
- આ કામના અરજદાર/આરોપી સામેના જૂનાગઢ બી.ડીવી. પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૩૦૨૪૨૬૦૩૯૮/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ- ૩૧૭(૨), ૩૧ ૭(૪), ૩૧૮(૪), ૫૪ તથા આઈ.ટી.એકટની કલમ- ૬૬(ડી) મુજબના ગુન્હાના કામે તપાસ કરનાર અમલદારને એવો આદેશ કરવામાં આવે છે કે હાલના

અરજદાર/આરોપીની આ ગુન્હાના કામે ધરપકડ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તેઓના રૂા. ૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરા)ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન પર મુકત કરવા.

**શરતો:-**

(૧) અરજદાર/આરોપીએ તેમની તરફેણમાં અદાલતે વાપરેલ વિવેકબુધ્ધિનો ગેર ઉપયોગ કરવો નહીં.

(૨) અરજદાર/આરોપી નામ.કોર્ટમાં ચાર્જશીટ થતા સુધી સંબધીત પોલીસ સ્ટેશનમાં એક મહીનામાં એક વખત નિયમીત હાજરી આપવાની રહેશે.

(૩) આ ગુનાની તપાસ અર્થે તપાસ કરનાર અધિકારી સમક્ષ આ હુકમના દિન-૭ માં પૂછપરછ તથા તપાસની કાર્યવાહી અર્થે અરજદાર/આરોપીએ હાજર રહેવુ અને તપાસ કરનાર અમલદાર જયારે અને જયાં બોલાવે ત્યારે અને ત્યાં અરજદાર/આરોપીએ હાજર રહેવું અને પોલીસ તપાસમાં સહકાર આપવો.

(૪) અરજદાર/આરોપીએ ફરીયાદી કે સાહેદોને ધાક-ધમકી આપવી નહી કે ફરિયાદ પક્ષના સાહેદોને તોડવા ફોડવા નહીં કે પુરાવા સાથે ચેડા કરવા નહીં.

(૫) અરજદાર/આરોપીએ સબંધીત અદાલતની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૬) અરજદાર/આરોપીએ તથા જામીનદારે રહેઠાણનું પાકુ સરનામુ આપવું તથા અરજદાર/આરોપી પાસે જો પાસપોર્ટ હોય તો તે તપાસ કરનાર અમલદાર પાસે જમા કરાવવો.

(૭) ટ્રાયલ અદાલત શરતોમાં સુધારો વધારો કે રદ કરવાની સત્તા રહેશે.

(૮) ઉપરોકત શરતો પૈકી અરજદાર/આરોપીએ તર્ફે કોઈપણ શરતનો ભંગ થયેથી તપાસ કરનાર અમલદાર જામીન રદ અંગેની કાર્યવાહી કરવા હકકદાર રહેશે.

આ હુકમની જાણ સંબંધકર્તા પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૦/૦૬/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)